SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 086. ઉત્તર ગુજરાતની કહેવતો અને રૂઢિપ્રયોગો

*MISTRI SHITALBEN BABULAI*

કહેવતો અને રૂઢિપ્રયોગોએ આપણો મોંઘો સંસ્કાર વારસો છે. કેમકે કોઈપણ શબ્દ કે શબ્દસમૂહ એ તેના મૂળ અર્થને બદલે તેના વિશિષ્ટ અર્થમાં વપરાતા રૂઢ થઈ જાય છે તેને રૂઢિપ્રયોગ કહેવામા આવે છે. જ્યારે કહેવત એટલે અનુભવના નિચોડરૂપ, તેના ઉદાહરણ રૂપ કે સૂત્રાત્મક ચલણી ઉક્તિ. જેમ, રૂઢિપ્રયોગ ભાષાને ચિત્રાત્મક તથા પ્રભાવક અને ચોટપૂર્ણ બનાવવામાં મહત્વનો ભાગ ભજવે છે તેમ કહેવતો પણ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. આ કહેવતો સાંસારિક ડહાપણ, નીતિબોધ વગેરેને સચોટરીતે રજૂ કરે છે. જ્યારે રૂઢિપ્રયોગ અપૂર્ણ અર્થવાળો શબ્દ-સમૂહ હોય છે. કહેવતો મોટાભાગે સ્વતંત્ર વાક્યરૂપે પ્રગટ થાય છે. કહેવતનું મૂલતત્વ એ છે કે તે અનુભવજન્ય ઘટના, પ્રસંગ કે પછી તેની પ્રતીતાના વર્ણનરૂપ સચોટ ઉક્તિ હોય છે. કહેવતનું સ્વરૂપ બધા સંજોગોમાં એનું એજ રહે છે, જ્યારે રૂઢિપ્રયોગ તેના કાળ, જાતિ, વચન વગેરેની સાથે બદલાતું રહે છે.

આપણાં રૂઢિપ્રયોગો અને આપણી કહેવતોમાં જમાનાના આચાર-વિચાર તેની માન્યતાઓ, રીત-રિવાજો વગેરેનું પ્રતિબિંબ પડતું હોય છે. આપણાં જીવન અને સમાજના વિવિધ વિષયો એમાં કયા-કયા રૂપ લઈને આવે છે એ જાણવા તથા જોવા જેવુ છે. જેમકે – ‘કુમળું ઝાડ વાળીએ એમ વળે’માં પ્રકૃતિને વિષય તરીકે વણેલી જોઈ શકાય છે. બીજી રીતે જોઈએ તો-‘શેઠ મટીને વાણોતર થવું’માં વ્યાવસાયિક લાક્ષણિક્તાઓને વિષય બનાવાઇ છે. ‘બાંધી મૂઠી લાખની’માં શરીરના અવયવને વિષય બનાવવામાં આવ્યો છે. ‘કૂવામાં હોય તો હવાડામાં આવે’માં આપણાં

સમાજવ્યવહારને વણી લેવામાં આવ્યું છે. ‘દિશાએ જવું’, ‘જંગલ જવું’, ‘ઝાડે ફરવા જવું’, ‘લોટે જવું’, આ બધી કહેવતો મળત્યાગના વિષયને બનાવીને રચાઇ છે. પરંતુ તેમાથી એક વાતની માહિતી પ્રાપ્ત થાય છે કે આપણે આ અંગે આપણાં નિવાસમાં જાજરૂની વ્યવસ્થાને ગોઠવી શક્યા ન હતા. ‘જાજરૂ જવું’ માનો ‘જાજરૂ’ શબ્દ જ સૂચવે છે કે આ વ્યવસ્થા આપણે પરદેશી પ્રજાના સંપર્કમાં આવ્યા પછીજ ઉચીની લીધી હોય. આમ, રૂઢિપ્રયોગો અને કહેવતો એ આ રીતે જ સમાજવ્યવસ્થાના પરિવર્તનમા પણ મહત્વનો ભાગ ભજવે છે. તેમાંપણ કેટલીક કહેણીઓ કહેવત બની જતી હોય છે. જેમકે-

“પહેલું સુખ તે જાતે નર્યા,
બીજું સુખ તે ઘરે દીકરા,
ત્રીજું સુખ તે કોઠીએ જાર,
ચોથું સુખ તે સુલક્ષણી નાર.”

આવીજ રીતે રૂઢિપ્રયોગ કે કહેવત પોતાની રીતે પણ બનાવવાનો પ્રયત્ન થઈ શકે છે. જેમકે- ‘મને થયું કે આજ તો સાહેબના ઘરવાળાના હાથનો ચા પીતો જાઉં.’ તેજ વાક્યનો ‘ફરી ચા પીવો’ એ સાદા ભાષાપ્રયોગના સંદર્ભમાં તેનું અનુસંધાન જાળવી રાખી કહે છે કે – ‘પણ એમને તો સંભળાવી દીધું કે આજે તો મારા હાથનો જ ઉકાળો પીવા મળશે.’તો ઇનો અર્થ ઉકાળાથી ‘ગરમી આવવા’ના અર્થથી સાવ ઊલટો ‘ઠંડી ચડી જવી કે મગજની ગરમી નીકળી જવી’ થાય જે ક્યારેક રૂઢિપ્રયોગ બની જવાની ક્ષમતા ધરાવે છે. આ કહેવત સંગ્રહ તેથીજ માનવ-વિકાસ અને તેના ઇતિહાસની દીપમાળા છે, તેની સોપાન પરંપરા સમાન છે.

રૂઢિપ્રયોગો અને કહેવત એટલે પ્રજાનું ઘૂંટાયેલું તથા ભાષાબદ્ધ થયેલું ડહાપણ; અનુભૂત વાણી, સરવાત્મક અનુભવોનું સ્વીકૃત લાઘવયુક્ત કથન. સંસ્કૃતમાં તેને ભાષા દ્વારા પ્રગટેલું 'અનુભવ-નવનીત' કહ્યું છે. કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે તો કહેવતને 'જીવન-સંસારની આચાર સંહિતાનો સાર' કહી છે. કહેવતોએ દેશનું સંસ્કાર ધન છે. જનસમાજનું પ્રતિબિંબ છે. એના સ્વભાવની પારાશીશી છે. કહેવાતોમાં સૌનું પ્રતિનિધિત્વ છેઃ જેમ કે વાણિયા, મુસલમાન, મોચી, ઘાંચી, લુહાર, સુથાર, સોની, જોગી, વોરા, સાપ, ઘોડા, કુતરા, કોળી ભરવાડ, ખેડૂત, દેવી-દેવતાઓ સૌ કોઈ પોતાની ખાસિયત પર કહેવત કહી જાય છે. જેમાં નાત-જાતની ખાસિયતો પર કટાક્ષ હોય છે. આ કહેવતો કે રૂઢિપ્રયોગો કોને લખ્યા કે કહ્યા તેની કોઈ જાણ નથી માટે જ તેને પણ વેદોની જેમ અપૌરુષેય છે. તે થોડામાં ઘણું કહી જાય છે. તે અનુભવોનો અર્ક છે. કહેવત અનુભવનું સંતાન છે. તે બિંદુમાં સિંધુ સમાન છે. તે આમ જનતાના જીવનને સ્પર્શે છે તથા તેને ઉન્નત તથા સમૃદ્ધ કરવા મથે છે. કહેવત પરથી પ્રજાના ડહાપણનું માપ નીકળે છે. તેમાંપણ ઉત્તર ગુજરાતમાં વપરાતા રૂઢિપ્રયોગ તથા કહેવાતોને નીચે મુજબ જોઈ શકાય.-

- અક્કલ ચરવા જવી- ભાન ભૂલવું.
- અખાડા કરવા – બેદરકારી બતાવવી.
- અંધારામાં રાખવું – સાચી હકીકત જાણવા ન દેવી.
- આળસુનો પીર – ઘણો જ આળસુ.
- ખાડામાં પડવું – આપઘાત કરવો.
- ઘાંચીની ઘાણી જેવુ – ઘણું જ મેલુ.
- ચોખા મૂકવા – નોતરું માગી લેવું, નિમંત્રણ આપવું.
- છછુંદર છોડવું – કજિયો કરાવવો.
- છાજિયાં લેવા – કોઈના નામે કુટવું.
- જમીન દોસ્ત કરવું – ભાંગી તોડીને પાયમાલ કરવું.
- ડંફાસ મારવી – બડાઈ મારવી.
- ડોળા કાઢવા – ગુસ્સે થવું.
- ત્રાજવું ભારે થવું – પૈસાદાર થવું.
- થૂંક ઉડાડવું – વ્યર્થ બકવાસ કરવો.
- લાકડે માકડું વળગાડવું – યોગ્યતા જોયા વિના સંબંધ બાંધી દેવો.
- શ્રાવણ-ભાદરવો વહેવો- વરસાવો – પુષ્કળ આંસુ આવવાં.

**કહેવતો :**

- અક્કર્મીનો પડિયો કાણો – કમનસીબ વ્યક્તિને ન હોય ત્યાથી મુસીબત આવે.
- વેંત નમીએ તો કોઈ ગજ નમે – થોડું માન આપીએ તો સામે વધુ માન મળે.
- આંખમાં કમળો તે જગત પીળું દેખે – જેવુ પોતાનું મન હોય તેવું જગત દેખાય.
- આંગળી ચિંધ્યાનું પુણ્ય મળે – સારું અને સાચું માર્ગદર્શન આપવું.
- ઈંટનો જવાબ પથ્થરથી આપવો – જોરદાર પ્રતિકાર કરવો.
- ઊંટના આધારે વાંકા – સ્વભાવે જ વાંકાપણું.
- એક હાથે તાળી ન પડે – સહકાર વગર કામ ન થાય.
- કજિયાનું મો કાળું – કંકાસથી દૂર રહેવું.

- કણ-કણ કરતાં મણ થાય – ત્રેવડથી બચત થાય.
- કાગનું બેસવું ડાળનું ભાંગવું – આફત આવવી, ઓચિંતું કઈક બનવું.
- ગામના મોઢે ગરણું ના બંધાય – બધાને ટીકા કરતાં એકસાથે અટકાવી ન શકાય.
- ગાય વાળે તે ગોવાળ – કામ પાર પાડે તે વધુ શક્તિશાળી.
- ગામ હોય ત્યાં ઉકરડો; નદી ત્યાં ઓવારો – સિક્કાની બે બાજુ હોય છે, હમેશા સારી વસ્તુની બીજી બાજુ પણ હોય છે.
- ઘર ફૂટે ઘર જાય – અંદરોઅંદર મતભેદ પડતાં બહારનો શત્રુ ફાવી જાય.
- ઘરડાં ગાડાં વાળે – વૃદ્ધોની સલાહ સાચા સમયે કામ લાગે.
- ડાહી સાસરે ન જાય ગાંડીને શિખામણ આપે – પોતે ન કરે તે કરવા બીજાને શિખામણ આપે.
- સઈનો દીકરો જીવે ત્યાં સુધી સીવે – બાપદાદાના ધંધાને વળગી રહેવું.
- સોટી વાગે ચમચમ વિધ્યા આવે રમઝમ – માર પડે ત્યારે જ્ઞાન આવે.

“જમીન,જોરુ ને જર, ત્રણેય કજિયાના ઘર,
શીંગ, ડોડી ને પોપટો, એ ત્રણ જાતના અનાજ.
ફૂંક, માર ને ધસકારો, એ ત્રણ જાતના વાજિંત્રા.
ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય, એ ત્રણ જાતના ખેલ.
ફરતું, ચરતું ને તરતું, એ ત્રણ જાતનાં વાહન.
ધાર, અણી ને ધુબાકો, એ ત્રણ જાતનાં હથિયાર.”

“અંધાને અંધો કહીએ, કડવું લાગે વેણ;
ધીરે રહીને પૂછીએ, શેને ખોયા નેણ?”

**❖ સંદર્ભ સૂચિ ❖**

1. ભગવદ્ ગો-મંડળ (ભાગ -1 થી 9)
સંપાદનઃ મહારાજા ભગવતસિંહ (ગોંડલ નરેશ)

2. ગુજરાતી કહેવત સંગ્રહ
લેખક : સ્વ. આશારામ દ. શાહ

3. કહેવતો
લેખક : શાંતિલાલ ઠાકર (સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય)

4. રૂઢિપ્રયોગ કોષ
ભોગીભાઈ ભીખાભાઇ ગાંધી.

5. ગુજરાતી સાર્થ જોડણીકોશ – ગુજરાત વિધ્યાપીઠ.

6. નીતિ શિક્ષણ

આનંદશંકર ધ્રુવ (વડોદરા રાજ્ય પ્રકાશન)